
# Vyom's Sisters

# વ્યોમની બહેનો


It was BhaiBeej! A day to celebrate the love between brothers and sisters. Today, all around the world, siblings would come together. They would eat together, laugh together, and vow to protect each other. At the end of the day, the sisters would put *tilaks* on their brothers' foreheads as a symbol of their bond.



નવા વર્ષ પછીનો દિવસ એટલે ભાઈબીજ! ભાઈ-બહેન વચ્ચેના પ્રેમની ઉજવણી કરવાનો દિવસ. આ દિવસે સમગ્ર વિશ્વના ભાઈ-બહેન સાથે મળી જમતા, મઝા કરતા અને એકબીજાનું રક્ષણ કરવાનું વ્રત લેતા.દિવસના અંતે બહેનો તેમના બંધનના પ્રતીક તરીકે તેમના ભાઈઓના કપાળ પર તિલક કરતી.

Vyom woke up from an awesome dream. He has been back in India 5000 years ago and saw the first BhaiBeej celebration of all time. Lord Krishna had just killed the demon Narkarsur. It was a long battle and, though Krishna had won, he was exhausted. So what better place to recover than his sister Subadra’s house? First, she greeted him by placing a tilak on his forehead. Then, she fed him and took care of him until he regained his strength and felt better than ever. In his dream, Vyom jumped with joy as he watched this reunion between brother and sister.


But he awoke with a groan. There would be no Tilak or reunion for him...



વ્યોમ સવાર થતા સ્વપ્નમાંથી જાગ્યો.સપનામાં તે 5000 વર્ષ પહેલાના ભારતમાં હતો જ્યાં તેણે પ્રથમ ભાઈબીજના ઉત્સવની ઉજવણી જોઈ. લાંબી લડાઈ પછી ભગવાન શ્રીકૃષ્ણે હમણાં જ  રાક્ષસ નરકારસુરનો વધ કર્યો પણ હવે તે થાકી ગયા હતા. થાક ઉતારવા, બહેન સુભદ્રાના ઘર કરતાં વધુ સારી જગ્યા કઈ હોય શકે? તેથી જ્યારે સુભદ્રાના ઘરે પહોંચ્યા, તો પ્રથમ સુભદ્રાએ કપાળ ઉપર તિલક કરીને કૃષ્ણનું અભિવાદન કર્યું. તે પછી, સુબદ્રાએ કૃષ્ણને જમાડ્યા અને તેમની પ્રેમથી આગતાસ્વાગતા કરી. આમ વિશ્રામ મળવાથી કૃષ્ણ સ્વશ્થ થઇ નિજ ધામે પધાર્યા. અહીં વ્યોમની આંખ ખુલી અને સ્વપ્નથી જાગતા જ આનંદ સાથે કૂદકો મારી પથારી માંથી ઉઠ્યો. ભાઈ અને બહેનનું આ મિલન તેના દિમાગમાં જાણેકે ચિતરાઈ ગયું!


પરંતુ પોતાની કોઈ બહેન તો છે જ નહિ આ યાદ આવતા તે ઉદાસ થઇ ને વિચારવા લાગ્યો કે તેના કપાળે કોઈ તિલક કરનાર બહેન નહિ હોય...

Unfortunately, Vyom had no sisters, so today he was sad. He had no one to eat with. He had no one to give him a tilak. He had no one to protect and to be protected by. Even sisters that didn't have brothers could pray to the moon on this day. But what about him?? He was sooooo bored.




એકલું સંતાન હોવાના કારણે આજે તે ઉદાસ હતો. તેની સાથે જમવા, રમવા કે તિલક કરવા દુર્ભાગ્યે કોઈ બહેન નહતી. વ્યોમને થયું કે પરસ્પર રક્ષણ કરવા માટે પણ કોઈ નહોતું. બહેનો કે જેમના ભાઈ નથી, તે પણ આ દિવસે  ચંદ્રને ભાઈ બનાવી રક્ષણ માંગી પ્રાર્થના કરી શકે. પણ તેના જેવા ભાઈ શું કરી શકે?

As he stared out his window, wishing he had a sister, he saw a young girl crying outside. She had fallen off her bike and had a huge cut on her knee. Vyom rushed outside and said, “Don’t cry! I will help you!” He put a bandage on her cuts and brushed off the dirt all over her clothes and bike. As the girl got back on her bike and waved goodbye to Vyom, she shouted, “Thank you for your help Vyom Bhai!”




બારીથી બહાર જોતો વ્યોમ પોતાની બહેન હોત તો કેટલી મઝા આવત આમ વિચારતો હતો ત્યારે, તેણે એક નાની છોકરી બહાર રડતી જોઈ. તે હમણાં જ સાયકલ ઉપરથી પડી ગઈ હોવાથી ઘૂંટણ પકડીને રડતી હતી. વ્યોમ બહાર દોડી આવ્યો અને બોલ્યો, “તું રડીશ નહીં! હુ તને મદદ કરીશ!" તેણે ઉઝરડો સાફ કરી ઘૂંટણ ઉપર પાટો મૂકી સારવાર કરી. છોકરીના કપડાં અને સાયકલ સાફ કરી છોકરીને તેની સાયકલ ઉપર બેસાડીને વ્યોમે વિદાય આપી ત્યારે જતા જતા છોકરીએ બૂમ પાડી કહ્યું, "વ્યોમ ભાઈ તમારી મદદ બદલ આભાર!"

“She called me Bhai!”, thought Vyom. “Maybe I actually do have sisters after all!”. When he went home and told his mother what had happened she smiled. She said, “Sisters and brothers don’t have to have the same parents, speak the same language, live in the same country, or even have the same skin color. Any girl can become your sister if you are kind to her and respect her.”




"તે મને ભાઈ કહે છે!", વ્યોમે ખુશ થઇ વિચાર્યું. " મારી પાસે પણ બહેન છે!” વ્યોમે ઘરે જઈ માતાને વિગતે બધી વાત કરી. માતાએ હસીને કહ્યું, “બહેન અને ભાઈના સંબંધ માટે સમાન માતાપિતા, ભાષા, દેશ કે ત્વચાનો સમાન રંગ હોવાની જરૂર નથી. કોઈપણ છોકરી તારી બહેન બની શકે છે જો તું તેના પ્રત્યે સહૃદયતા, દયા અને સન્માન પૂર્ણ વર્તન કરે.”

The more Vyom thought about it, the more sisters he had. His classmates, cousins, friends, and strangers could all become his sisters if he was kind to them! What's more, the whole world could become his sister. "We always call this world 'Mother Earth', so if I protect her and love her, then I could become her brother too!" Vyom was excited--now he had more sisters than he could count! He could not wait to celebrate BhaiBeej!



મે જ્યારે આ દૃષ્ટિથી વિચાર્યું તો તેને લાગ્યું કે જો તે આદરથી તેના સહપાઠીઓ, પિતરાઇ સબંધીયો, મિત્રો અને અજાણી છોકરીઓ સાથે વર્તે, તો તે ભધી તેની બહેનો બની શકે! અરે! આખા વિશ્વની મોટાભાગની છોકરીઓ તેની બહેન બની શકે છે. "આમ પણ હંમેશાં આ પૃથ્વીને આપણે 'મા' કહીએ છીએ, તેથી જો હું તેની અને તેના સંતાનની રક્ષા કરી અને પ્રેમ વધારું તો હું ભાઈચારો કેળવી શકું!" વ્યોમ હવે ઉત્સાહિત હતો - હવે તો તેની પાસે ગણતરી ના કરી શકાય તેટલી બહેનો હતી! હવે તે ભાઈબીજની ઉજવણી માટે ઉત્સુકતાથી રાહ જોવા મંડ્યો!